કોઠંબા-ગોધરની જેમ વરધરીને પણ ન્યાય આપવા ઉગ્ર માંગ: આગામી ચૂંટણીઓમાં 'પાઠ' ભણાવવાની ચીમકી

# મહીસાગર : વરધરીને નવો તાલુકો જાહેર કરવાની માંગ સાથે 37 ગામોનું રણશિંગું

**લુણાવાડા** જવા 20 કિલોમીટરના ધક્કાથી ગ્રામજનોમાં ભારે રોષ



(પ્રતિનિધિ) લુણાવાડા તા.22

મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે જ રાજકીય માહોલ ગરમાયો છે. વરધરી વિસ્તારના 37 ગામોના લોકોએ એકઠા થઈને વરધરીને અલગ તાલુકો બનાવવાની મક્કમ માંગ સાથે સરકાર સામે આક્રમક રણશિંગું ફૂંક્યું છે.

લુણાવાડા તાલુકાના વરધરી ખાતે યોજાયેલી એક વિશાળ બેઠકમાં 37 ગ્રામ પંચાયતોના સરપંચો, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનોએ ઉપસ્થિત રહીને એકસૂરે નવો તાલુકો જાહેર કરવાની માંગ દોહરાવી છે. મહીસાગર નદીના પટ્ટામાં આવેલા આ 37 ગામોના લોકોને સામાન્ય સરકારી કામકાજ માટે પણ 20 કિલોમીટર દૂર લુણાવાડા સુધી લાંબા થવું પડે છે. આ અંતરને કારણે ગ્રામજનોના સમય અને નાણાંનો ભારે વ્યય થઈ રહ્યો છે.

આ અંગે અગાઉ મુખ્યમંત્રી સ્તરે અનેકવાર લેખિત રજૂઆતો કરવા છતાં વરધરીને તાલુકો જાહેર કરવામાં ન આવતા સ્થાનિકોમાં સરકાર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે. તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા કોઠંબા અને ગોધરને નવા તાલુકાનો દરજ્જો આપવામાં આવતા વરધરી વિસ્તારના લોકોમાં પણ આશા જાગી હતી, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય ન લેવાતા હવે આ આશા આક્રોશમાં ફેરવાઈ છે.

આ બેઠકમાં આગેવાનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા વરધરીને તાલુકો જાહેર કરવામાં નહીં આવે, તો તેની સીધી અસર મતદાન પર પડશે. રાજકીય સમીકરણો બદલાવાની અને લોકો દ્વારા આક્રમક વલણ અપનાવવાની ચીમકીને પગલે વહીવટી તંત્રમાં પણ દોડધામ મચી ગઈ છે.

### શા માટે ઉઠી છે નવા તાલુકાની માંગ?

- **અંતરનું વિઘ્ન :** 37 ગામોના લોકોને લુણાવાડા જવા 20 કિમીની મુસાફરી કરવી પડે છે.
- **સમય-નાણાંનો વ્યય:** નાના કામ માટે આખો દિવસ બગડતા ગ્રામજનો પરેશાન.
- **અન્યાયની લાગણી:** કોઠંબા અને ગોધરને તાલુકો મળ્યો તો વરધરીને કેમ નહીં? તેવો પ્રશ્ન.
- **નિષ્ફળ રજૂઆતો:** મુખ્યમંત્રી સુધી વારંવાર રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

'નેશનલ બાયો-એનર્જી પ્રોગ્રામ' અને 'નિર્મળ ગુજરાત 2.0' યોજનાની સફળતા

# મહીસાગરના 49 ગામમાં ઉર્જા ક્રાંતિ 763 પરિવાર આત્મનિર્ભર બન્યાં !

**પશુપાલકો હવે** મોંઘા રાંધણ ગેસના સિલિન્ડરમાંથી મુક્તિ મેળવી આત્મનિર્ભર બન્યા છે



(પ્રતિનિધિ) લુણાવાડા તા.22

મહિસાગર જિલ્લામાં અમૂલ અને પંચામૃત ડેરી દ્વારા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ના સહયોગથી છેલ્લા ત્રણ વર્ષમાં 763 લાભાર્થીઓને બાયોગેસ પ્લાન્ટની સુવિધા પુરી પાડવામાં આવી છે. ખાસ કરીને વીરપુર તાલુકાના રતનકૂવા ગામમાં જ 34 જેટલા બાયોગેસ પ્લાન્ટ સફળતાપૂર્વક કાર્યરત છે, જે ઉર્જા સ્વાવલંબનનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.

મહિસાગર જિલ્લાના 49 ગામમાં 'ગોબરધન' યોજના હેઠળ પશુપાલકોને બેવડો ફાયદો થઈ રહ્યો છે. એક તરફ રાંધણ ગેસના ખર્ચમાં સીધી બચત થાય છે, તો બીજી તરફ બાયોગેસમાંથી નીકળતી 'સ્લરી' (ઉત્તમ કુદરતી ખાતર) નો ઉપયોગ ખેતીમાં થવાથી રાસાયણિક ખાતરનો મોંઘો ખર્ચ પણ ઘટ્યો છે. આ ઉપરાંત, આ પ્રોજેક્ટ સ્વચ્છતા અભિયાન અને પર્યાવરણની જાળવણીમાં પાયાનો પથ્થર સાબિત થઈ રહ્યો છે.

આ અંગે રતનકૂવા ગામના પશુપાલક ભાવનાબેન પટેલ પોતાનો હર્ષ વ્યક્ત કરતા જણાવે છે કે, અમારા ઘરે પશુઓના ગોબરનો ઉપયોગ કરીને અમે છેલ્લા એક વર્ષથી બાયોગેસ મેળવીએ છીએ. હવે અમારે બજારમાંથી ગેસ સિલિન્ડર લેવા જવું પડતું નથી. જમવાનું બનાવવાથી લઈ પાણી ગરમ કરવા સુધીનું તમામ કામ આ ગેસ પર જ થાય છે. આમ, સરકારની આ યોજનાથી ગ્રામીણ મહિલાઓને ધુમાડાથી મુક્તિ અને આર્થિક બચત બંને મળી રહ્યા છે.

# ખેડામાં નેશનલ લોક અદાલત 14 હજાર જેટલાં કેસનો નિકાલ

**જવાબદારોને 34** કરોડથી વધુનું વળતર ચુકવવા કોર્ટનો આદેશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.17

નડિયાદ જિલ્લા ન્યાયાલય સહિત ખેડા જિલ્લાની તમામ તાલુકા અદાલતોમાં યોજાયેલી નેશનલ લોક અદાલતે વિવાદોના નિકાલમાં જવલંત સફળતા મેળવી છે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એન. એ. અંજારીઆના માર્ગદર્શન હેઠળ કુલ 14,453 કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો, જેમાં પક્ષકારો વચ્ચે સમજૂતી સાધીને રૂ. ૩૪ કરોડથી વધુની રકમનું સમાધાન-વળતર ચૂકવવામાં આવ્યું છે.

### વિવિધ કેસોમાં નિકાલની વિગત

મોટર અકસ્માત વળતર: 232 કેસો (રૂ. 15 કરોડથી વધુ)
ચેક રિટર્ન (NI Act): 554 કેસો (રૂ. 12 કરોડથી વધુ)
વીજળી-પાણી બિલ: 447 કેસો (રૂ. 1 કરોડથી વધુ)
બેંક/મની રિકવરી: 22 કેસો (રૂ. 93 લાખથી વધુ)
લગ્નવિષયક દાવા: 53 કેસો (રૂ. 12 લાખથી વધુ)

આ લોક અદાલતની સૌથી વિશેષ બાબત એ રહી કે મોટર વાહન અકસ્માત વળતરના માત્ર એક જ કેસમાં મૃતકના પરિવારજનોને રૂ. 37 લાખની રકમ ચૂકવવામાં આવી હતી. આ ઉપરાંત, ટ્રાફિક નિયમ ભંગના 8,755 કેસોમાં રૂ. 68.51 લાખથી વધુની રકમ દંડ પેટે વસૂલવામાં આવી હતી.

ખેડા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફૂલ ટાઈમ સેક્રેટરી ડી. બી. જોષીએ જણાવ્યું હતું કે, લોક અદાલતમાં કેસોનો નિકાલ થવાથી બંને પક્ષકારોમાં સુખદ અંત આવે છે. અહીં ચુકાદો આખરી હોવાથી અપીલની જોગવાઈ હોતી નથી અને કોર્ટ ફીની રકમ પણ પરત મળવાપાત્ર હોય છે, જેનાથી પક્ષકારોને આર્થિક ફાયદો થાય છે. આ સફળતામાં ન્યાયાધીશો, વકીલો, બેંકો અને વીમા કંપનીઓના સહયોગથી ઉત્કૃષ્ટ પરિણામ મળ્યું હોવાનું મુખ્ય જિલ્લા ન્યાયાધીશે જણાવ્યું હતું

## ઉમરેઠના લીંગડા પાસે રેડીમેડ કપડાં ભરેલી ટ્રક પલ્ટી જતાં ભારે નુકશાન



ઉમરેઠ તાલુકાના લીંગડા પાસે મોટી નહેર પર ટ્રક પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. સુરતથી રેડીમેડ કપડાંનો માલ ભરીને દિલ્હી જવા રવાના થયેલી ટ્રક (નંબર RJ 14 GU 1662) જ્યારે લીંગડા પાસેની નહેરનો ઓવરબ્રિજ ક્રોસ કરી રહી હતી, ત્યારે અચાનક નહેરના રસ્તેથી પેસેન્જર ભરેલી એક ટેમ્પી હાઈવે પર આવી ગઈ હતી. આ ટેમ્પીમાં સવાર મુસાફરોને બચાવવા જતાં ટ્રક ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને વળાંકવાળો રસ્તો હોવાથી ટ્રક સાઈડની લોખંડની રેલિંગ તોડીને બાજુના ખેતર પાસે આવેલી પાણીની કાંસમાં પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં સદનશીબે કોઇ જાનહાની થઇ નથી.

# બોરસદ-આમેટ ST બસમાં સ્લીપર કોચની સુવિધા આપવા ઉગ્ર માંગ

**વાયા વડતાલ-** વિદ્યાનગર રૂટ કરવા વૈષ્ણવો અને રાજસ્થાની પરિવારોની રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.22

બોરસદ ડેપો દ્વારા સંચાલિત બોરસદથી આમેટ (રાજસ્થાન) વચ્ચે દોડતી એસ.ટી. બસમાં સ્લીપર કોચની સુવિધા શરૂ કરવા માટે સ્થાનિક વૈષ્ણવ સંપ્રદાયના ભક્તો અને રાજસ્થાની પરિવારો દ્વારા પ્રબળ માંગ ઉઠી છે. હાલમાં કાર્યરત 2 X 2 બસના સ્થાને સ્લીપર કોચ શરૂ કરવાથી 560 કિલોમીટરની લાંબી મુસાફરીમાં વૃદ્ધો અને શ્રદ્ધાળુઓને મોટી રાહત મળી શકે તેમ છે.

બોરસદથી આમેટ વાયા ઉદેપુર-શ્રીનાથજી વચ્ચે 2 x2 બસ હાલમાં કાર્યરત છે, જે આણંદથી સવારે 8-30 કલાકે ઉપડે છે. અંદાજે 560 કિમી જેટલા લાંબા અંતરની મુસાફરી હોવા છતાં સ્લીપરની સુવિધા ન હોવાથી મુસાફરોને હાલાકી ભોગવવી પડે છે. ભક્તજનોની એવી પણ માંગણી છે કે આ બસને વાયા વિદ્યાનગર અને વડતાલ થઈને દોડાવવામાં આવે, જેથી આ વિસ્તારના વૈષ્ણવોને સીધી બસ સેવાનો લાભ મળી રહે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખાનગી ટ્રાવેલ્સની બસોમાં સ્લીપર કોચનું ભાડું એક હજારથી દોઢ હજાર રૂપિયા જેટલું ઉઘાડી લૂંટ સમાન વસૂલવામાં આવે છે. જો એસ.ટી. નિગમ દ્વારા ઓછા ભાડામાં સ્લીપર કોચ સેવા શરૂ કરવામાં આવે તો ખેડા અને આણંદ જિલ્લામાં વસતા હજારો રાજસ્થાની પરિવારો અને વૈષ્ણવોને આર્થિક રીતે મોટો ફાયદો થઈ શકે તેમ છે.

આ અંગે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, બોરસદથી આમેટ જતી બસને સ્લીપર કોચ આપવા બાબતે વારંવાર રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આથી, આણંદ અને નડિયાદના ધારાસભ્ય તેમજ સાંસદ સભ્ય આ લોકઉપયોગી પ્રશ્નમાં અંગત રસ લઈ ભક્તોની આ માંગણી સત્વરે પૂરી કરાવે તેવી આશા રાખવામાં આવી રહી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### લુણાવાડામાં એસ.ટી. ડેપોને 6 નવી 'ગુર્જરનગરી' બસોની ભેટ આપવામાં આવી

**લુણાવાડા** | મહીસાગર જિલ્લાના લુણાવાડા એસ.ટી. ડેપો ખાતે મુસાફરોની સુવિધા માટે ૬ નવી અત્યાધુનિક 'ગુર્જરનગરી' બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે વિધિવત પૂજન કરી લીલી ઝંડી આપી આ બસોને વિવિધ રૂટો પર રવાના કરી હતી. આ નવી સુવિધાથી લાંબા અંતરના મુસાફરો અને ગ્રામીણ જનતાને આરામદાયક મુસાફરીનો લાભ મળશે. આ પ્રસંગે એસ.ટી. નિગમના કર્મચારીઓ હાજર રહ્યા હતા અને મુસાફરોમાં પણ ભારે આનંદ જોવા મળ્યો હતો.



### ખંભાતના ભુવેલ ગામમાં મહિલા સુરક્ષા અને સાયબર ક્રાઈમ જાગૃતિ સેમિનાર યોજાયો

**ખંભાત** | આણંદ જિલ્લા પોલીસ અને ડીએલએસએ દ્વારા ભુવેલ ગામના સ્વામિનારાયણ મંદિર ખાતે મહિલાઓ-બાળકો પરના અત્યાચાર અને સાયબર ક્રાઈમ રોકવા માટે જનજાગૃતિ સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે સિનિયર સિવિલ જજ અને પોલીસ અધિકારીઓએ નવા કાયદાઓની સમજ આપી હતી તથા ડોક્યુમેન્ટરી ફિલ્મ દ્વારા સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સેમિનારમાં રોડ અકસ્માતમાં મદદરૂપ થતી 'પ્રધાનમંત્રી રાહવીર યોજના' અને ઇમરજન્સી હેલ્પલાઇન 112 વિશે નાગરિકોને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં 100 જેટલી વિદ્યાર્થિનીઓ, શિક્ષકો અને ગ્રામજનોએ હાજરી આપી મહિલા જનજાગૃતિના આ સફળ આયોજનનો લાભ લીધો હતો.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદમાં ICAIની વેસ્ટર્ન ઈન્ડિયા રીજઓનલ કાઉન્સિલના હોદ્દેદારોએ મુલાકાત લીધી




**આણંદ** | વેસ્ટર્ન ઈન્ડિયા રીજઓનલ કાઉન્સિલના પ્રમુખ સીએ સૌરભ અજમેરા અને તેમની કારોબારી ટીમનું આણંદ બ્રાન્ચના પ્રમુખ સીએ હર્ષિત દેસાઈ અને ટીમ દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન WIRC પ્રમુખે આશરે 70 જેટલા સભ્યો, યુનિવર્સિટીના પ્રોફેસરો અને ઉદ્યોગપતિઓ સાથે સંવાદ કરી વિવિધ વિષયો પર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમના ભાગરૂપે સભ્યો માટે બેંક ઓડિટ પર એક દિવસીય સેમિનાર યોજાયો હતો, જેમાં નિષ્ણાંત વક્તાઓ સીએ મહર્ષિ શુક્લા, હિતેશ પોમલ અને નયન કોઠારીએ વક્તવ્ય આપ્યા હતા.

### કપડવંજમાં બ્રહ્માકુમારી સંસ્થા અને કિડની હોસ્પિટલ દ્વારા નિ:શુલ્ક પ્રોસ્ટેટ કેમ્પ યોજાશે

**કપડવંજ** | કપડવંજમાં 24મી માર્ચના રોજ સવારે 9-15 કલાકે ડો. મહેશભાઈ દેસાઈની આગેવાનીમાં પ્રોસ્ટેટ ચેકઅપ કેમ્પ યોજાશે. ખેડા જિલ્લાના 50 વર્ષથી વધુ વયના ભાઈઓ માટે જરૂરી તમામ ટેસ્ટ આ કેમ્પમાં તદ્દન મફત કરી આપવામાં આવશે. લાભાર્થીઓએ આધારકાર્ડની નકલ સાથે ૨૪ માર્ચ પહેલા સંસ્થા ખાતે રૂબરૂ આવી નામ નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. બ્રહ્માકુમારી સંસ્થા અને નડિયાદ કિડની હોસ્પિટલના સહયોગથી યોજાનારા આ કેમ્પનો લાભ લેવા આયોજકોએ અનુરોધ કર્યો છે.



### કપડવંજમાં ચેટીચાંદ પર્વે દિવ્યાંગ બાળકો માટે પ્રીતિ ભોજન અને ભવ્ય શોભાયાત્રા યોજાઈ

**કપડવંજ** | કપડવંજ સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ નિમિત્તે વીએસ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શારદા સંકુલમાં દિવ્યાંગ બાળકો માટે પ્રીતિ ભોજનનું આયોજન કરાયું હતું. આ પર્વ નિમિત્તે શ્રી ઝૂલેલાલ મંદિરોમાં બે દિવસીય વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. શહેરના મુખ્ય માર્ગો પર ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સિંધી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મોટી સંખ્યામાં સમાજના લોકોની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલા આ કાર્યક્રમોએ ચેટીચાંદની ઉજવણીને યાદગાર બનાવી દીધી હતી.



### કપડવંજના મહમદપુરા શાળાના આચાર્યનું રાજ્ય કક્ષાએ સાહિત્ય સન્માન

**કપડવંજ** | નડિયાદમાં યોજાયેલ રાજ્ય કક્ષાના ઇનોવેશન ફેરમાં કપડવંજની મહમદપુરા પ્રાથમિક શાળાના આચાર્ય મિનેષ પ્રજાપતિનું સાહિત્ય ક્ષેત્રે કરેલ પ્રદાન બદલ વિશિષ્ટ સન્માન કરાયું, તેમણે તૈયાર કરેલા 'વાર્તાનો વડલો' પ્રોજેક્ટને રાજ્યભરના 600થી વધુ મુલાકાતી શિક્ષકો સમક્ષ રજૂ કરવાની ગૌરવશાળી તક મળી હતી. દસ હજારથી વધુ શિક્ષકોને તાલીમ આપનાર મિનેષભાઈના અનેક લેખો 'બાલસૃષ્ટિ' અને 'અભિયાન' જેવા પ્રતિષ્ઠિત સામાયિકોમાં પ્રકાશિત થયા છે. સાહિત્ય અને ઇનોવેશન ક્ષેત્રની ઉત્કૃષ્ટ કામગીરી બદલ GCERT સચિવ ડુમરાડિયાના હસ્તે તેમને એવોર્ડ એનાયત કરાયો હતો.




### કપડવંજ-દ્વારકા નવી એસટી બસને મહાનુભાવો દ્વારા લીલી ઝંડી આપવામાં આવી

**કપડવંજ** | કપડવંજ ડેપો દ્વારા મુસાફરોની સુવિધા માટે કપડવંજથી દ્વારકાના નવા રૂટનું આજરોજ લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ડેપો મેનેજર એન.એમ. કલ્યાણી, તાલુકા પંચાયત પ્રમુખ જે.કે. પરમાર અને શહેર પ્રમુખ નયનભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ યુનિયનના પ્રતિનિધિઓ, એ.ટી.આઈ. સહદેવભાઈ દેસાઈ અને સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ નવીન બસ સેવા શરૂ થવાથી કપડવંજ પંથકની જનતાને હવે દ્વારકા જવા માટે સીધી અને સરળ પરિવહન સુવિધા પ્રાપ્ત થશે.



### સેવાલિયામાં સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વની ઉજવણી નિમિત્તે શોભાયાત્રા યોજાઈ



**સેવાલિયા** | ગળતેશ્વરના સેવાલિયા ખાતે સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ નિમિત્તે ભગવાનના નામ અને ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે બપોરે પ્રસાદનું આયોજન કરાયું હતું અને સમાજના વેપારીઓએ પોતાની દુકાનો બંધ રાખી મોટી સંખ્યામાં ઉજવણીમાં જોડાયા હતા. રામદેવપીર મંદિરથી શરૂ થયેલી આ યાત્રામાં સિંધી સમાજના વડીલો, ભાઈઓ, બહેનો અને બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રા દરમિયાન પોલીસ ઇન્સ્પેક્ટર અને પોલીસ સબ ઇન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા સુરક્ષા માટે ચુસ્ત બંદોબસ્ત ફાળવવામાં આવ્યો હતો.

### આણંદ જિલ્લા ક્રિકેટ ટીમમાં ઇલસાસની વિદ્યાર્થિની દિવ્યાંકી હાડિયાની પસંદગી

**આણંદ** | આણંદની ઇલસાસ કોલેજની એમ.એ. ક્લિનિકલ સાયકોલોજીની વિદ્યાર્થિની દિવ્યાંકી હાડિયાની સિનિયર વુમન્સ આણંદ જિલ્લા ક્રિકેટ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત આ ટૂર્નામેન્ટ આગામી 11થી 18CR એપ્રિલ 2026 દરમિયાન ભરૂચ ખાતે યોજાનાર છે. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. અર્ચના સી. નરહારી અને સ્પોર્ટ્સ કમિટીએ દિવ્યાંકીની આ સિદ્ધિને બિરદાવી તેને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે. દિવ્યાંકીની આ સફળતા અન્ય વિદ્યાર્થીઓને પણ અભ્યાસની સાથે રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણા પૂરી પાડશે.



### મહુધાના બલોલ ગામમાં કેડીસીસી બેંકમાં ડિજિટલ સ્ક્રીનનું લોકાર્પણ કરાયું

**મહુધા** | ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની બલોલ શાખા ખાતે ડાયરેક્ટર નિલેશભાઈ પટેલ દ્વારા ડિજિટલ સ્ક્રીનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. બેંકના ચેરમેન તેજસ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રાહકોને સરકારી યોજનાઓ અને બેંકિંગ સેવાઓની માહિતી હવે ડિજિટલ માધ્યમથી ઘરઆંગણે મળી રહેશ. આ સુવિધા દ્વારા પશુપાલકોના દૂધના નાણાં, પાક ધિરાણ અને વિવિધ લોન જેવી સેવાઓની જાણકારી મેળવવી ખાતેદારો માટે વધુ સરળ બનશે. સ્થાનિક ગ્રામજનો અને પંચાયતોને હવે બેંકિંગ કાર્યો માટે મહુધા કે અલીણા સુધી જવું નહીં પડે, જેનાથી સમય અને શક્તિની બચત થશે.




### કરમસદ સ્થિત ભાઈકાકા યુનિ. ખાતે 'ટ્રોમા અને ઈમર્જન્સી કેર' પર રાષ્ટ્રીય નર્સિંગ કોન્ફરન્સ યોજાઈ



**આણંદ** | કરમસદની ભાઈકાકા યુનિવર્સિટી દ્વારા 'ટ્રોમા અને ઈમર્જન્સી કેરમાં નવીનતા અને આંતરવિષયક અભ્યાસ' વિષય પર રાષ્ટ્રીય કક્ષાની નર્સિંગ કોન્ફરન્સનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત નર્સિંગ કાઉન્સિલના વાઈસ પ્રેસિડન્ટ આઈ.એ. કડીવાલા અને પ્રોવોસ્ટ ડો. અભય ધરમસીએ ઉપસ્થિત રહી નર્સિંગ પ્રોફેશનલ્સને ઉચ્ચ અભ્યાસ અને ક્લિનિકલ જ્ઞાન વધારવા પ્રોત્સાહિત કર્યા હતા. કોન્ફરન્સમાં નિષ્ણાતો દ્વારા એડવાન્સ એરવે મેનેજમેન્ટ, લાઈફ સપોર્ટ અને ગોલ્ડન અવર ઈન પોલિટ્રોમા જેવા મહત્વના વિષયો પર પ્રેક્ટિકલ તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.